

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બદલાય ખાનારા, ચૂંટણીની - કોઈને પડી નથી*
*ભરવાં મોટાં પેટ, પ્રજાની કોઈને - પડી નથી,*
*પડી નથી કોઈને - દેશસેવા અને સુરક્ષાની -*
*કરવાં કૌભાંડ વિકાસની કોઈને પડી નથી*

### હાઈકુ

*શ્રદ્ધા વિનાનું,*
*છે કર્મકાંડ માત્ર -*
*ચૂંટણી ક્રિયા...*

*બદલાય છે*
*ઠગ-બગ ભગતો -*
*પ્રજા શિકાર*

### ચિંતન

**યે મૂર્ધાનઃ ક્ષિતીનામદબ્ધાસઃ સ્વયશસઃ**
**વ્રતા રક્ષન્તે અદ્રુહઃ ॥**

**ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.**

**હે યશની કામનાવાળા પુરુષો !! કદી કોઈના પ્રત્યે દ્વેષ ન રાખતાં સત્ય વગેરે સત્કર્મોનું પાલન કરજો, જેથી તમારો ભય નષ્ટ થઈ જશે અને તમે મનુષ્યોમાં શ્રેષ્ઠ કહેવાશો.**

**આપણા વિદ્વાનો ઋષિઓએ સર્વાંગી વિકાસ માટે ઉત્તમ વ્યવસ્થા કરી દીધી. તેમણે એવું વિધાન બનાવ્યું હતું કે રાષ્ટ્રના અધ્યક્ષ, સભાસદ્, અધિકારી, વ્યવસ્થાપક વગેરે એવા જ માણસો બને કે જે ગુણોમાં સર્વશ્રેષ્ઠ હોય, બીજાઓની વિભૂતિ, ઉન્નતિ તથા સુખ જોઈને ઈર્ષ્યા ન કરે. પોતાની વીરતા, સદ્ગુણ, વિદ્યા વગેરે દ્વારા તથા પરિશ્રમ કરીને યશ પ્રાપ્ત કરતા હોય અને કોઈના પ્રત્યે દ્રોહ ન કરતાં હોય. આવા માણસો જ ઈશ્વરીય અને લૌકિક નિયમોનું પાલન કરી શકે છે અને બીજા પાસે પણ કરાવી શકે છે.**

### સુવિચાર

- જે મહાન છે તે જન્મથી જ બાળક હોય છે, એ મૃત્યુ પામે છે ત્યારે જગતને પોતાનું મહાન બાળપણ અર્પણ કરતો જાય છે **- રવિન્દ્રનાથ ટાગોર**
- ગુસ્સો કરવો ઘણો સહેલો છે, પણ યોગ્ય વ્યક્તિ પર, યોગ્ય માત્રામાં, યોગ્ય સમયે, યોગ્ય કારણસર અને યોગ્ય માત્રામાં ગુસ્સો કરવો આ સહેલું નથી **- એરિસ્ટોટલ**
- વિરોધ કે વાદવિવાદ કરવા ન વાંચવું, તૈયાર વિચારો માની લેવા ન વાંચવું, નકામી ચર્ચા કરવા ન વાંચવું **- ફ્રાન્સીસ બેકન**
- કામયાબી કે પીછે મત ભાગો, કાબીલ બનો, કાયમાબી અપને આપ મિલેગી... **- શ્રી ઈડીટયમાં આમિરખાન**
- જીવન હંમેશા પાછળ નજર કરો તો સમજાય છે, પણ જીવવાનું તો આગળ નજર કરીને જ હોય છે **- સંત રોબિન**
- શબ્દો આપણા શિખરને સ્પર્શતા હોય અને વિચારો તો હજુ તળેટીએ હોય એ આપણા જીવનનું દુર્ભાગ્ય છે **- ઝેન કથન**
- આજનું ઔષધ : ચાના પાણીમાં પા ચમચી એલચીનો ભૂકો ઉકાળીને પીવાથી ડીપ્રેસનમાં કાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મુલ્લા નસરૂદ્દીન જંગલમાંથી પસાર થતા હતા ત્યાં રસ્તામાં એક માનવ ખોપરી મળી. તેમણે ખોપરીને પ્રશ્ન પૂછ્યો, 'આપને અહીંયા કોણ પહોંચાડી ગયું શ્રીમાન ?' ખોપરીએ જવાબ આપ્યો, 'મારી બોલબોલ કરવાની આદત મને અહીં લાવી શ્રીમાન' મુલ્લાને વિશ્વાસ ન બેઠો, ખોપરીને બોલતી સાંભળી તેઓ રાજા પાસે ગયા. અને કહ્યું, 'મહારાજ, મેં જંગલમાં એક ખોપરી જોઈ છે જે બોલે પણ છે.' રાજાએ કહ્યું, 'ચાલો આપણે સૌ એ ખોપરી જોવા જંગલમાં જઈએ.' સૌ દરબારીએ મંત્રીએ મુલ્લા સાથે જંગલમાં પહોંચ્યો. મુલ્લાએ ફરી ખોપરીને પૂછ્યું, 'તમને અહીંયા કોણ લાવ્યું શ્રીમાન ?' પરંતુ ખોપરી ચૂપ રહી. પચાસવાર મુલ્લાએ પ્રશ્ન પૂછ્યો પણ ખોપરી તરફથી કોઈ જવાબ મળ્યો નહીં.' રાજા ગુસ્સે થયા અને કહ્યું, 'હું તો જાણતો જ હતો, મુલ્લા તમે મારી સાથે મજાક કરી છે અને હું તમને સર કલમ કરવાની સજા કરું છું. સૈનિકો, આ મુલ્લાનું માથી કાપી આ ખોપરીની બાજુમાં મૂકી દો. ભલે કીડીઓ એને ફોલી ખાય.' જેવા રાજા નિકળ્યા ત્યારે ખોપરીએ ફરી બોલવાનું શરૂં કર્યું. આ વખતે મુલ્લાને ખોપરીએ પૂછ્યું, 'આપનો અહીં કોણ લાવ્યું જનાબ ?' મુલ્લાએ જવાબમાં કહ્યું, 'મારી બોલ બોલ કરવાની આદત અહીંયા લઈ આવી જનાબ.' બોલવાની આદત માણસને કયાં સુધી લઈ જાય છે. આજની સ્થિતિ આવી જ છે. સતત બકબક કરતું મન કોઈ સુખને આવવા દેતું નથી. સુખની સંભાવના પણ આ બકબકને કારણે નજીક આવી શકતી નથી.

# આડોડાઈ ચીનનો સ્વભાવ છે

જૈવ-એ-મોહંમદનો સર્વોચ્ચ સૂત્રધાર અઝહર મસૂદ પોર્ટુગીઝ પાસપોર્ટ પર ૧૯૯૪માં બાંગ્લાદેશી વિમાનસેવા મારફત દિલ્હીના ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઊતર્યો ત્યારે કસ્ટમ અધિકારીઓને એનો હૂલિયો જોઈને શંકા ગઈ હતી. અધિકારીઓએ કહ્યું કે તમે પોર્ટુગીઝ નાગરિક હો એવા લાગતા નથી ત્યારે હાજરજવાબીપણાનો પરચો આપતો હોય એમ એણે કહ્યું હતું : હું જન્મે ગુજરાતી છું ! એનો ખુલાસો માન્ય રાખી એને જવા દેવાયો તે પછી એણે ચાણક્યપુરીની સુવિખ્યાત અશોક હોટલમાં રૂમ બુક કરાવી હતી. દિલ્હીમાં એણે કાશ્મીરના ઍક્ટિવિસ્ટ સાથે મુલાકાત કરી હતી. હોટલ જનપથમાં પણ રહ્યો હતો. એને છેક કંદહાર જઈને આ જ અજિત ડોભાલ અને વાજપેયી સરકારના તત્કાલીન વિદેશમંત્રી જશવંતસિંહ મૂકી આવેલા કારણ કે એમ ન કરે તો હાઈજેક થયેલ વિમાનમાં મુસાફરી કરનારા પ્રવાસીઓના જીવ જોખમમાં હતા. પચાસ વર્ષના આ ખૂંખાર આતંકવાદીએ ભારતમાં લોહીની નદીઓ વહેવડાવવામાં કસર નથી રાખી. છેલ્લે પુલવામા ખાતે સ્યુસાઈડ બોમ્બર દ્વારા સીઆરપીએફના ચાલીસ જેટલા સૈનિકોનો ભોગ લેનાર મસૂદને આંતરરાષ્ટ્રીય આતંકવાદી ઘોષિત કરવાની ભારત સરકારની માગણીને અમેરિકા, ફ્રાંસ અને બ્રિટન જેવાં યુનાઈટેડ નેશન્સની સિક્યુરિટી કાઉન્સિલનાં વીટોધારક રાષ્ટ્રોનો ટેકો સાંપડ્યો હતો. પરંતુ પરંતુ અગાઉ ત્રણ વાર ચીને વીટો વાપરીને મસૂદને આંતરરાષ્ટ્રીય આતંકવાદી ઘોષિત કરવાની માગણી પર ઠંડુ પાણી રેડી ભારતને ભોંઠપભરી સ્થિતિમાં મૂકી દીધેલું એ જ

**તંત્રીસ્થાનેથી...**

ઘટનાનું ચોથી વાર પુનરાવર્તન થયું. ચીન મસૂદને આંતરરાષ્ટ્રીય આતંકવાદી ગણવા તૈયાર નથી, ભલે પછી દુનિયા સમક્ષ પુલવામા કાંડને વખોડવામાં સામેલ થઈ પોતે આતંકવાદીની વિરુદ્ધની ચળવળમાં સામેલ હોવાનો દેખાવ કરતું રહેતું હોય. ચીનની આ લુચ્ચાઈની આગોતરી ગંધ ભારત સહિત બીજાં રાષ્ટ્રોને પણ આવી ગઈ હતી, જેને લીધે અમેરિકા જેવા શક્તિશાળી રાષ્ટ્રે તો ચીન સાથે જરા જુદી રીતે વર્તવું પડશે, એવી ચીમકી પણ આપી દીધી છે. પાકિસ્તાનને એણે દુનિયાથી અલગ પાડી દેવામાં ભારતનું સમર્થન કર્યું છે અને એફ-૧૬ યુદ્ધ વિમાનોનો દુરુપયોગ કરવાનો આક્ષેપ કરી એનો જવાબ પણ માગ્યો છે. જો કે પાક આર્મીએ અમેરિકા પાસેથી આતંકવાદ વિરુદ્ધ લડત આપવાના અથવા એના ઉપર થયેલ આક્રમણ સામે જ ઉપયોગ કરવાની શરતનો સરેઆમ ભંગ કર્યો છે અને આતંકી શિબિરનો નાશ કરવા ભારતે કરેલ એર સ્ટ્રાઈકને આક્રમણ જ માની લીધું છે, છતાં આતંરરાષ્ટ્રીય અભિપ્રાય ભારતની તરફેણમાં હોઈ પાકિસ્તાન માટે ચીનનું શરણું લીધા વગર છૂટકો નહોતો. ચીનને સલામતી સમિતિના સભ્ય બનાવવા માટે નહેરુએ ટેકો આપ્યો હતો, એવો વાહિયાત મુદ્દો ઉઠાવી અરુણ જેટલી કોંગ્રેસને ગુનેગારના કઠેલામાં ખડી કરવાનો પ્રયાસ કરે છે ત્યારે એ હાસ્યાસ્પદ લાગે છે. નહેરુએ ૧૯૫૫માં ચીનને સિક્યુરિટી કાઉન્સિલમાં સદસ્યતા અપાવવા તરફેણ કરી હોય તો તે એક એશિયન રાષ્ટ્ર પ્રત્યેના સદ્ભાવનું અનેરું ઉદાહરણ ગણાવું જોઈએ. પંચશીલ સિદ્ધાંતના સમર્થક ચીન પ્રત્યે ભારતને સદ્ભાવ જ હોવો જોઈએ. બેઉ પાડોશી રાષ્ટ્રો પાસે ભગવાન બુદ્ધનો સહિયારો વારસો હતો. એ જુદી વાત છે કે ચાઉ-એન-લાઈએ દગાખોરી આચરીને ભારતને ઊંઘતુ ઝડપી લઈ એની સરહદો પર લશ્કરી આક્રમણ કરી પોત પ્રકાશ્યું હતું. આ બધો ઈતિહાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સુવિદિત હોવા છતાં નવા વૈશ્વિક સંદર્ભે એમણે વર્તમાન ચીની રાષ્ટ્રપ્રમુખને માદરેવતન ખાતે વિશિષ્ટ મહેમાનગતી કરાવી - ઝૂલે ઝુલાવ્યા, એમાં પણ બે સૌથી વધુ વસતિ ધરાવતાં એશિયાઈ રાષ્ટ્રો વચ્ચે સૌહાદપૂર્ણ સંબંધો પુનઃ સ્થાપિત થાય એ જ આશય હતો. રાહુલ ગાંધી જયારે અઝહર મસૂદ સાથેના ચીનના સદ્ભાવનો હવાલે આપી આ મુદ્દે મોદીની ટીકા કર છે ત્યારે તેઓ પમ હાસ્યાસ્પદ બની રહે છે. મસૂદને આતંકવાદી ઘોષિત નહીં કરવા પાછળ ચીનની પાકિસ્તાન સાથેની ગાઢ દોસ્તી જવાબદાર હોઈ શકે છે. પરંતુ પંડિત નહેરુને કે નરેન્દ્ર મોદીને ચીન સઆથેના સંબંધો પરત્વે વગોવવા એ તો નરી બાલિશ હરકત જ લેખાશે.

# જો લોગ દૂધ સે જલ જાતે હૈ... વો છાસ ભી ફૂંક ફૂંક કર પીતે હૈ...

**જો લોગ દૂધ સે જલ જાતે હૈ... વો છાસ ભી ફૂંક ફૂંક કર પીતે હૈ...**

**- પાકીઝા**

૧૯૭૨માં કલામ અમરોહી દિગ્દર્શિત ભારતીય સિનેમાની 'કલ્ટ કલાસિક' 'પાકિઝા' વિશે કોણ અજાણ હોઈ શકે ? રાજકુમાર અને મીનાકુમારી અભિનિત આ ફિલ્મ મીનાકુમારીની અંતિમ ફિલ્મ બની રહી.

૧૯૫૮માં શરુ થયેલ આ ફિલ્મનો પ્રોજેક્ટ છેક ૧૪ વર્ષ પછી ૧૯૭૨માં પૂરો થયો. કમાલ અમરોહી અને મીનાકુમારી વચ્ચે 'તલાક' થઈ ગયા હોવા છતાં મીનાકુમારીએ માત્ર કમાલ અમરોહીના પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે જ ખરાબ તબિયત હોવા છતાં 'હા' કહી.



## ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

ઉપરનું પ્રખ્યાત વાક્ય કે જે રૂઢિપ્રયોગની જેમ આપણે 'છાશવારે' પ્રયોજતા રહીએ છીએ, તે સંવાદ કમાલ અમરોહીએ લખ્યો છે, અને ફિલ્મમાં ડી.કે. સપ્રુ કે જે 'હકીમ સા'બ' બને છે, તેમનાં મુખે બોલાવવામાં આવ્યો છે.

આ પ્રખ્યાત રૂઢિપ્રયોગ કે સંવાદ 'હિતોપદેશ'માં તો છેક ઈ.સ.ની ત્રીજી શતાબ્દીમાં લખાઈ ગયો છે. હિતોપદેશના રચયિતા નારાયણ પંડિતે આ ગ્રંથમાં નીતિ વિષયક વાતોને વાર્તા કથાસ્વરુપે સુંદર રીતે વણી લીધી છે.

**દૂર્જનદૂષતમનસઃ સુજનેષ્વપિ નાસ્તિ વિશ્વાસઃ ।**
**બાલ : પાયસદગ્ધો દગ્ધ્યપિ ફૂત્કૃત્ય ભક્ષયતિ ॥**

**- હિતોપદેશ**

દુર્જનો દ્વારા દગો પ્રાપ્ત થયેલ વ્યક્તિ સજ્જનો પર પણ વિશ્વાસ નથી કરતા. ખીરથી દાઝેલો બાળક દહીં પણ ફુકીં ફુકીં ને પીવે છે.

'મિત્રલાભ', 'સુહ્રદભેદ', 'વિગ્રહ' અને 'સન્ધિ' એમ ચાર ભાગમાં વિભક્ત 'હિતોપદેશ'માં પંચતંત્રની જેમ જ સરળ નીતિકથાઓ છે, અને પશુ-પંખીઓનો આશ્રય લઈને બનાવવામાં આવેલ આ કથાઓ આજે પણ એટલી જ પ્રચલિત છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# રવિવારે વાર્તાવાચિકમ્

વૃતસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમોમાં; કાર્યક્રમ 'વાર્તાવાચિકમ્ ; કાવ્યપઠન તથા તે અન્વયે વિચાર-વિમર્શ અને વિવેચન' અંતર્ગત એક કાર્યક્રમ તા. ૧૭-૦૩-૨૦૧૯ને રવિવારના રોજ, બપોરના ૧ થી ૪ વાગ્યા દરમિયાન ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડમાં, સેકટર-૧૨, 'ગ-રોડ' ગાંધીનગર ખાતે યોજાશે. આ સાહિત્યિક કાર્યક્રમાં જેસિંગભાઈ જાદવ, સ્વરચિત બે વાર્તાઓનું સ્વમુખે પઠન કરશે, જયારે જાણીતા સાહિત્યકાર-વાર્તાકાર દલપત ચૌહાણ તેઓના સ્વરચિત નાટક (એકાંકી)નું સ્વમુખે વાંચન કરશે અને ત્યારબાદ, આ રજૂ થયેલી કૃતિઓ અન્વયે કવિઓ /લેખકો/વિવેચકો વિચાર-વિમર્શ અને સમીક્ષા - વિવેચન કરશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પધારવા સભ્યો, સાહિત્યરસિકો/ભાવકો અને મહાનુભાવોને જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

- muljibhaidadhi@gmail.com

# કવિ દુલા ભાયા કાગ ભગતબાપુની સ્મૃતિ વંદના

કોઈપણ સર્જક એ સમાજની સામુહિક સંપતિ છે. સમાજ સર્જકોથી રળિયામણો બને છે. સમાજની ઓળખ પણ આવા સર્જકો કે કવિઓના ઉજળા યોગદાનથી ઊભી થતી હોય છે. આવા સર્જકો કે કવિઓની સ્મૃતિમાં કોઈને કોઈ પ્રસંગે મેળાવડાઓ યોજવાની એક સારી પ્રથા યુરોપના કેટલાક દેશોમાં ઊભી થયેલી જોવા મળે છે. આપણે ત્યાં પણ કોઈ કોઈ સ્થળે કોઈ સર્જકની સ્મૃતિમાં નાના મોટા કાર્યક્રમો થતા રહે છે. આવા આયોજનોમાં સાતત્ય જળવાય તથા તેનો હેતુ જળવાય તેમજ તેની કક્ષા પણ જળવાય તે મહત્વનું છે. આ રીતે જોઈએ તો પૂ. મોરારીબાપુની પ્રેરણાથી શરૂ થયેલો આવો સાતત્યપૂર્ણ ઉપક્રમ એ "કાગને ફળિયુ કાગની વાતુ" નો છે. દોઢ દાયકાથી વધારે સમયથી આ આયોજન નિયમિત રીતે દર વર્ષે થાય છે. દિવસે દિવસે સાહિત્ય પ્રેમીઓની કાગના ફળિયે ઉપસ્થિતિમાં સતત વધારો થયો છે. કવિ દુલા ભાયા કાગના જીવન અને કવનની અનેક વાતો મર્મીઓએ કવિની ભૂમિમાં બેસીને કરી છે. અનેક સુપ્રસિધ્ધ લોક કલાકારોએ અંતરના ઉમળકાથી કવિ કાગની રચનાઓ મોકળે મને તથા બુલંદ કંઠે ગાઈને કવિનું તર્પણ કરેલું છે તેમજ મોરારીબાપુની પ્રસન્નતાના હકદાર બન્યા છે. કવિ કાગની નિર્વાણ તિથિને કેન્દ્રમાં રાખીને યોજાતા આ કાર્યક્રમને માત્ર મોરારીબાપુની પ્રેરણા તથા હૂંફજ નહિ પરંતુ બાપુની નિયમિત ઉપસ્થિતિનો પણ લહાવો મળ્યો છે. મોરારીબાપુ પોતાની અનેક વ્યસ્તતા વચ્ચે પણ કાગપ્રેમીઓની વચ્ચે બેસીને સમગ્ર કાર્યક્રમને માણે છે. કવિ કાગ કે જેને સમાજ ભગતબાપુના સ્નેહ સંબોધનથી ઓળખે છે તેમનું આ ગૌરવયુક્ત અને યથાર્થ તર્પણ છે. " બાવન ફૂલડાંના બાગ " ની સોગાદ આપીને અગણિત લોક હૃદયના સિંહાસન પર બીરાજેલા ભગતબાપુના ભાતીગળ સ્વરૂપનું મજાદર (કાગધામ) ખાતેનું આ સ્મરણ તથા દર્શન અનેક લોકોના મનમાં પ્રસન્નતાનો ભાવ ભરી જાય છે. ૨૦૧૯ના વર્ષનું આ આયોજન તા.૧૦-૦૩-૨૦૧૯ ના રોજ કરવામાં આવેલું છે તેના થકી કાગની સૌરભ પુનઃ તાજી થાય છે. કવિ હીંગોળદાન નરેલાના શબ્દો યાદ આવે.

મધમધતો મૂકી ગયો
બાવન ફૂલડાંનો બાગ
અમ અંતરને આપશે
કાયમ સૌરભ કાગ.

"કાગના ફળિયે કાગની વાતું" નો આ ભાતીગળ પ્રસંગ હવે ઘણો જાણીતો બનેલો છે. ભગતબાપુ તરીકે લોકલાગણી પ્રાપ્ત કરનાર કવિ કાગના સાહિત્યપ્રેમી એવા અસંખ્ય લોકો માટે આ પ્રસંગનુ એક આગવું મહત્વ છે. કવિ શ્રી કાગ તથા તેમના સાહિત્યને કેન્દ્રમાં રાખીને યોજવામાં આવતા કાર્યક્રમોની આ નિયમિત તથા સુઆયોજિત શ્રેણી છે. કવિ કાગ પરિવારના તથા સમગ્ર મજાદર ગામના મહેમાનગતિના ઉજળા સંસ્કારને કારણે આ કાર્યક્રમની ગરિમા સતત વધતી રહી છે. કવિ કાગના સાહિત્યનું આચમન લેવા અનેક સાહિત્યમર્મીઓ પ્રતિ વર્ષ ભગતબાપુની ભૂમિ પર ભાવથી પહોંચી જાય છે. મોરારીબાપુની ઉપસ્થિતિ તથા વક્તવ્યથી સમગ્ર પ્રસંગ દીપી ઉઠે છે.

કોઈ ધન્યનામ સર્જકના અમૂલ્ય સાહિત્યનું આચમન લેવાનું આયોજન દર વર્ષે થાય તે ગૌરવની વાત છે. આવું આયોજન કવિની ચેતના જ્યાં મહોરી હોય તેવી ભૂમિ પર જ થાય તેવી આ વિશિષ્ટ ઘટના બાપુના આશીર્વાદથી પાંગરી છે તેમજ આ પ્રસંગે સંસ્થાગત સ્વરૂપ ધારણ કરેલું છે. કાર્યક્રમની ગરિમા જળવાય અને તેનો હેતુ સરે તેવું આયોજન સર્વશ્રી બળવંત જાની, હરિશ્ચન્દ્ર જોશી જેવા સુજાણ લોકો કરે છે. કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવનાર વિશાળ જન સમૂહને "આવકારો મીઠો" કાગ પરિવારના બાબુભાઈ કાગ તથા સૌ ભાઈઓ તેમજ સમગ્ર મજાદર ગામનો હોય છે. આ કાર્યક્રમના એક ભાગ તરીકે કાગ-સાહિત્યના અનેક મર્મીઓ કવિ કાગના સાહિત્ય તથા ભગતબાપુના જીવનને ઉજાગર કરતા વિવિધ પાસાઓ પર વિચારણીય વક્તવ્યો રજૂ કરે છે. તેની સાથો સાથ લોકસાહિત્યના અનેક સુવિખ્યાત કલાકારો પોતાની કળા મજાદરના આંગણે અંતરના ઉમળકાથી પ્રદર્શિત કરે છે. જેમણે લોકસાહિત્ય-ચારણી સાહિત્યના ક્ષેત્રમાં અલગ-અલગ પ્રકારે નોંધપાત્ર યોગદાન આપેલું હોય તેવા ગુજરાત તથા રાજસ્થાનના પાંચ વ્યક્તિ વિશેષોને પૂજ્ય બાપુ તરફથી દર વર્ષે કાગ-એવોર્ડ આપીને સન્માનવામાં આવે છે. એવોર્ડ અર્પણની રાત્રીએ સમગ્ર



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

માહોલ કાગમય બની જાય છે. કવિ કાગના શબ્દપુષ્પોનો બાગ આજે પણ મહેકી રહેલો હોય તેવી પ્રતિતિ દરેક વ્યક્તિને થાય છે.

ભાઈ ! તારો બહેકે ફૂલડાંનો બાગજી .....
રંગે રંગના ફૂલડાં
એમાં રામ ચરિતનો ત્રાગજી
એનો ગૂંથે હારલો , કોઈ કંઠ ઘરે બડભાગ...

આપણી ભાષાના કોઈ મોંઘેરા સર્જક અને તેમની રચનાઓને જીવંત અને ધબકતી રાખવાનો કોઈપણ ઉપક્રમ સમાજની સ્વસ્થતાનું નિદર્શન કરાવે છે. તેથી આવું કાર્ય વધાવી લેવાને પાત્ર છે. કવિ કાગ જેવા મહાન સર્જકનું તર્પણ આવા સુગ્રથિત કાર્યક્રમોથી થાય છે. આ પ્રકારના આયોજન થકી ખરા અર્થમાં વિશાળ જનસમૂહ પોતાના સર્જકની યથાર્થ સ્મૃતિવંદના કરી શકે છે.

સામાન્ય રીતે ચારણ કવિઓ કોઈ રાજા રજવાડા સાથે રહીને રાજ્યકવિ તરીકે યોગદાન આપતા હતા. એજ રીતે બ્રહ્માનંદ સ્વામી જેવા ધૂરંધર કવિઓ ભક્તિ રંગે રંગાઈને પોતાનું સમગ્ર વ્યક્તિત્વ ભગવદ ચરણે અર્પણ કરી ચૂક્યા હતા. ક્રાંતિવીર કેશરીસિંહજી બારહઠ્ઠ માતૃભૂમિની મુક્તિ માટે અનેક બલિદાન આપીને નિર્ભયતા તેમજ સ્વાર્પણનો ઝંડો લહેરાવી ગયા હતા. આ ઉજળી પરંપરાની એક મજબૂત કડી સમાન ભગતબાપુ રાજ્ય દરબારને બદલે લોક દરબારમાં ગયા અને પોતાના કાવ્યપુષ્પો જન સમૂહને ચરણે ધર્યા. ભગતબાપુએ ગાંધી-વિનોબાના ગીતો ગાઈને ગુજરાતમાં સર્વોદય તેમજ ભૂમિદાનની ભૂમિકા ઊભી કરવામાં સક્રિય રહ્યા. કવિ કાગ ચારણી સાહિત્યના નવલા પ્રભાતના સમર્થ મશાલચી હતા. ભગતબાપુની ભૂમિ પર અને તેમની ચિરંજીવી ચેતનાની શાક્ષીએ થતાં " કાગના ફળિયે કાગની વાતુ " સાંભળવાનો પ્રસંગ મળે તે સદ્ભાગ્યની બાબત છે.

દુલેરાય દેશનો દીવો...
કોડુ જુગ કાગ ભઈ ! જીવો...

# પ્રાર્થના દ્વારા પરમતત્વ સાથે એકાકાર થવું

પ્રાર્થના દ્વારા પરમ તત્વ સાથે એકાકાર થવાની અને હૃદયસ્થ , આત્મસ્થ થઈને પરમાત્માની અનુભૂતિ કરવી હોય તો પરમાત્માં પ્રત્યે પુરેપુરા હૃદસ્થ થઈને સમર્પણશીલ અને શરણા ગતિનો સ્વીકાર શુદ્ધ ચિત્તથી આત્મસ્થ થઈને કરવો જ પડે છે, અને સત્ય સ્વરૂપ શરણા ગતી અને સમર્પણ ત્યારે જ થઈ શકે છે, જ્યારે સાધક પુરેપુરો અહંકારથી મુક્ત હોય, કોઈપણ માણસ અહંકાર સાથે સમર્પિત કે શરણાગતિ કરી શકે જ નહી અને અનુભૂતિ પ્રાપ્ત કરી શકે જ નહી.

ભક્તિમાં પ્રાર્થનામાં કે ભજનમાં જીભ હોઠની કોઈ જરૂર પડતી જ નથી. પણ પ્રાર્થનામાં, ભજનમાં કે ભક્તિમાં માત્રને માત્ર શુદ્ધ અને જાગૃત ચિત્ત,,કોઈપણ જાતની ઈચ્છા વીનાનું શુદ્ધ ચિત્ત,, મનનો શ્રષ્ઠ અને શુદ્ધ વિચાર, મનનાં અડગ સંકલ્પ વડે જ પ્રાર્થના ,ભજન કે ભક્તિ કરવી જોઈએ, અને સાથે સાથે પરમ તત્વ સાથે, આત્મસ્થ થઈને એકાકાર થવું જ જોઈએ, આ ભક્તિ માટે, પ્રાર્થના માટે કે ભજન માટે આ પાયાની જરૂરીયાત છે. આ પાયા ઉપર જ ભક્તિનું મકાન બાંધી શકાય,

જે માણસનું હૃદય અને ચિત્ત પરમ તત્વમાં લાગે જ નહી, જીવનમાં પદાર્થની પકડ છુટે જ નહી, તેમનું શુદ્ધ મન કોઈપણ પ્રકારની



ભક્તિ,પ્રાર્થના,કે ભજનમાં ચોટતું જ નથી, આમ પ્રાર્થનામાં,ભજનમાં કે ભક્તિમાં રૂપાળા શબ્દો કે ક્રિયા કાડોની કે કોઈ રૂપાળી મૂર્તિની કોઈ જરૂર નથી, પણ રૂપાળા શુદ્ધ સ્થિર અને અહંકાર રહિત મનની અને સુધ્ધ ચિત્તની જ આવશ્યકતા અને જરૂરીયાત છે,જો આ જરૂરિયાત જ પૂરી ન કરોતો તે નથી ભક્તિ,નથી પ્રાર્થના.

પ્રાર્થના, ભજન કે ભક્તિ એ આપણી ઈચ્છાઓ,તૃષ્ણાઓ ,કામનાઓ, વાસનાઓ ,અપેક્ષાઓ ,આશાઓ, આવશ્યકતાઓ અને ઝંખનાઓનું પરમાત્મા સમક્ષ વ્યવસ્થિત યાદી રજુ કરવાનો અવસર નથી, એટલું બરાબર શુદ્ધ મનથી અને ચિત્તથી જાણો અને માનવામાંથી મુક્ત થાવ ,જાણીને જાગૃતતા પૂર્વક ચાલો.

પ્રાર્થના,ભજન અને ભક્તિમાં હે પરમાત્મા તું દયાનો સાગર છે, અને પ્રેમ વત્સલ છે, માટે સૌનું કલ્યાણ સૌને કર,ઉન્નત,અને સૌને આનંદ પ્રદાન કર એજ સર્વ શ્રેષ્ઠ પ્રાર્થના છે, ,ભક્તિ છે,અને ભજન છે, જ્યારે સૌના કલ્યાણ વગેરેની માગ કરીએ છીએ, ત્યારે એમાં આપણું પોતાનું પણ કલ્યાણ સમાવેશ થઈ જ જાય છે,આમાં, અપણો ભાવ સંકુચિત નથી, પણ વિશાળ છે ,અને આપણે વિશાળતા અને અભયમાં સ્થિર છીએ, એજ જીવનની મહા સિદ્ધિ છે.

જો મનનાં કે ચિત્તમાં કોઈ છુપા ખૂણામાં સહેજ પણ એવો ભાવ છુપાયેલો હોય કે પરમાત્મા મારાથી કલ્યાણ કરવાની શરૂઆત કરે તો સારું તો તમો વિશાળતામાં સ્થિર નથી, પણ સંકુચિતતામાં સ્થિર છો. આવો ભાવ હોવો એજ આત્મ કેન્દ્રિત ભાવ છે, અને તેમાં નર્યો જ સ્વાર્થ રહેલો છે, જ્યાં સ્વાર્થની ગંધ આવી, ત્યાં નથી ભક્તિ,નથી પ્રાર્થના, કે નથી ભજન એમ સ્પષ્ટ જાણો, અને સમજો ,

જરા શાંત અને સ્વસ્થ ચિત્તે વિચારો પરમાત્મા પાસેતો પ્રાર્થના, ભજનને ભક્તિ કરવાતો નિર્દોષ, ખૂની ,અપરાધી, આતતાયી, વેપારી ,ધંધાદારી નોકરીયાત, ખેડૂત ,રાજકારણી ,સાધુઓ ,કથાકારો સ્ત્રીઓ અને પુરુષો બધાજ પ્રકારના લોકો પરમાત્માની પ્રાર્થના, ભજન અને ભક્તિ કરવાના અને આજે જે લોકો આજે પ્રાર્થના વગેરે કરે છે તેઓની કોઈને કોઈ માગ આજે હોય જ છે,માંગણી વિના કોઈ કઈ કરતુ જ નથી ,આજે તો માગ વિનાની પ્રાર્થના,ભજન કે ભક્તિ હોતા જ નથી,તે આપણે સૌવ જાણીએ છીએ.

જો પરમાત્મા ખુશ થઈ જાય અને આજના બધાજ માણસોની બધા જ પ્રકારની માગણીઓ સ્વીકારી લે અને તથાસ્તુ કહી દે અને વિજય ભવના બધાને આશીર્વાદ આપી દે તો શું આ દુનિયામાં કોઈને પણ જીવવા જેવું બચે ખરું ?

## જીવન દર્શન

તત્વચિંતક વી. પટેલ

અને મોટો હાહાકાર થઈ જાય એ નફામાં રહે એટલે જ પરમાત્મા કોઈ ને કાઈ પદાર્થનાં રૂપમાં કે બીજી રીતે કશું જ આપતા નથી, એટલે માણસે માગણી કરવાનો કોઈજ અર્થ જ નથી.

પ્રાર્થના, ભજન અને ભક્તિમાં એટલું જ માગો હે પરમાત્મા અમને શુદ્ધ અને શુભ સંકલ્પ યુક્ત બનાવ ,અમને સુખ દાયી બળ અને નિષ્કામ કર્મફળની અપેક્ષા વિના કરવાની અને કર્તૃત્વ રહિત થવાની શક્તિ પ્રદાન કર ,અને તમારી શુદ્ધ મનથી ચિત્તથી આરાધના કરતા કરતા અમે સૌ અમારા કાંન વડે કલ્યાણ મય સત્ય વચન સાંભળીયે, નેત્રો દ્વારા કલ્યાણ મય વસ્તુ જ જોઈએ, અને સુદ્રઢ અંગો વડે તારી અંતરથી શુદ્ધ મનથી ચિત્તથી સ્તુતિ કરતા કરતા સાક્ષીભાવમાં સ્થિર થઈને અહંકાર રહિત થઈ પદાર્થની પકડમાંથી મુક્ત થઈ તારાજ કર્મો કરવામાં ખપમાં આવીએ તેવી શક્તિ આપ અને આનંદ સાથે તને ભેટીએ ,આજ પ્રાર્થના ,ભજન અને ભક્તિમાં માગ છે, આવી માગ કરનારો જ સાચો ધાર્મિક માણસ છે,

આજ કાલ આપણે પ્રાર્થનાનું .ભજનનું,અને ભક્તિનું સ્વરૂપ જ આખું બદલી નાખ્યું છે આજે શોર બકોર,નાચગાન,સમિયાણા, ટોળા ભેગા કરવા, આમ પ્રાર્થના, ભજન અને ભક્તિ એ પ્રદર્શનનો વિષય બનાવી દીધો છે. આ નથી ભક્તિ ,નથી પ્રાર્થના નથી ભજન આતો છે, લાભ અને લોભની પુરતી કરવાનો પદાર્થની પકડ મજબુત કરવાનો વ્યવસ્થિત ખોટ કદી જાય જ નહી તેવો ધધો છે, અને બધી ક્રિયા અહંકાર અને દભનું પોષણ કેન્દ્ર બનાવી દીધેલ છે, જે સાધકનો અંતરનો પ્રેમ નિર્મળ હોય,પરોપકારની ભાવના હોય કર્તૃત્વ રહિતતા હોય,સાક્ષીભાવમાં સ્થિર હોય પરમ ચેતનામાં જાગૃતતા પૂર્વક સ્થિર હોય ,સમર્પણ અને શરણાગત નો ભાવ શુદ્ધ હોય આત્મ સુધારણા અને આત્મ દર્શનની અભિલાષા હોય , આંતરિક રીતે પરિવર્તિત થવાની તમન્ના હોય ,આ બધાને પોતાના જીવનના વ્યવહારમાં અને આચરણમાં પ્રાથમિકતા દેતો હોય તેજ સાચો ધાર્મિક છે, ભક્ત છે,સાધુ છે, આ જ્યાં નથી ત્યાં નથી ધર્મ એમ જાણો જાગૃતિ પૂર્વક જીવો,,માનીને ચાલો નહી તેતો અંધ શ્રધ્ધા છે અંધવિશ્વાસ છે.